યુ.આઈ.ડી.નં. ૨૭૧૯૩

અરજદાર: કમલેશભાઈ બાબુભાઈ ભેસાણીયા વિ .
રહેવાસી : સી.૫૦૧,સ્વસ્તિક ટાવર,
સરથાણા જકાતનાકા,સુરત
તારીખ: ૧૩/૦૭/૨૦૧૬
ફોન નં. ૯૯૭૯૮ ૫૦૮૬૫

પ્રતિ,
કલેકટર શ્રી,
ચીટનીશ શાખા, કલેકટર કચેરી,
જીલ્લા સેવા સદન-૨,અઠવા લાઈન્સ,સુરત.

વિષય: મોજે: વરીયાવ, તાલુકો :અડાજણ, જિ. સુરતના સ.નં.૧૨૨૨/૧,૧૨૨૨/૨,બ્લોક નં. ૧૧૬૮/ક, ક્ષે. હે.૨-૨૧-૧૭ ચોમી. ટી.પી.સ્કીમ નં.૩૭(વરીયાવ)ફાયનલ પ્લોટ નં.૫૮+૫૯ ક્ષે.૧૩૮૭૭-૦૦ ચોમી.પૈકી (૧) સબ પ્લોટ નં.૧૦૨૧૨ ચો.મી.જમીન પૈકી ૮૩૦૦ ચો.મી.રહેણાંક અને ૧૯૧૨ ચો.મી.વાણીજ્ય હેતુ માટે તેમજ (૨) સબ પ્લોટ નં.૨ ની ૩૬૬૫ ચો.મી.જમીન પૈકી ૩૧૬૫ ચો.મી.રહેણાંક અને ૫૦૦ ચો.મી.વાણીજ્યના હેતુ માટે બિનખેતીની પરવાનગીનો હુકમ આપવા બાબત.

સંદર્ભ: આપના પત્રાંક નં.એ/બખપ/એસ.આર.નં.૩૭૨/ ID ૨૭૧૯૩ તા.૮/૭/૧૬

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભે અરજ સહ જણાવવાનું કે આપના હુકમ મુજબ હમારી જમીન અંગે રહેણાંક અને વાણીજ્યના હેતુ માટે બિનખેતી પરવાનગી સબંધે રૂપાંતર કર,વિશેષ ધારો,શિક્ષણ ઉપકર અને માપણી ફી ની રકમ હમોએ નીચેની વિગતે જમા કરાવી તેના ચલણો અને રસીદ આ સાથે રજુ કરેલ હોઈ હમોની જમીન અંગે રહેણાંક અને વાણીજ્યના હેતુ માટે બિનખેતીની પરવાનગીનો હુકમ આપવા વિનંતી છે.

ક્રમ	વિગત	રકમ રૂ.	ચલન/રસીદ નં.	તારીખ
૧	રૂપાંતર કર	૨,૮૭,૦૨૦/-	૧૦૫/૧૬-૧૭	13/07/2016
૨	વિશેષ ધારો	૬,૪૭૩/-	૪૫	14/07/2016
૩	શિક્ષણ ઉપકર	૨,૮૦૩/-	૩૭	14/07/2016
૪	માપણી ફી	૬,૦૦૦/-	૨૩૨૦/૧૬-૧૭	13/07/2016

અરજદાર,

14 JUL 2016

Bhesaniya K.B.

નાયબ મામલતદાર
ઈન્વર્ડ/આઉટવર્ડ રજીસ્ટ્રી
કલેક્ટર કચેરી, સુરત.

AJFPB7945M

ચલણ. ૧૦૫/૧૬-૧૭ ૩૫૫

સુરતની જમીન તિજોરી/પેટા-તિજોરી/સ્ટેટ/રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં ભરેલી રોકડ રકમનું ચલણ

નાણાં મોકલનારે ભરવાનુ			ખાતાના અમલદારે કે તિજોરીએ ભરવાનું
જેના તરફથી નાણા ભરવામાં આવ્યા હોય તે વ્યક્તિનું નામ (અથવા હોદ્દો) અને સરનામું	શ્રી કમલેશભાઈ બાબુભાઈ ભેંસાણીયા વિગેરે રહે. સી-૫૦૧ સ્વસ્તિક ટાવર,સરથાણા જકાતનાક તા.સુરત સીટી જી.સુરત		હિસાબનું સદર:- 0035 કૃષિ વિષયક જમીન સિવાયની સ્થાવર મિલકત પર કર ૮૦૦-અન્ય પ્રાપ્તિ બિનકૃષિ વિષયક રૂપાંતર કર
મોકલેલા ભરણાની પુરેપુરી વિગત અને તે અંગેના હુકમ (કોઈ હોય તો)		રકમ	
મે.કલેકટર સુરત ના પત્ર નં. એ/બખપ/એસ.આર.નં.૩૭૨/૧૬/ID NO 27193 તા.૦૮/૦૭/૨૦૧૬ મોજે.-વરીયાવ તા.અડાજણ જી.સુરતના સ.નં.૧૨૨૨/૧,૧૨૨૨/૨ બ્લોક નં.૧૧૬૮/ક ક્ષેત્રફળ હે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પીસ્કીમ નં.૩૭(વરીયાવ) એફ.પી.નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭ ચો.મી.જમીન પૈકી ૧૧૪૬૫ ચો.મી રહેણાંક હેતુ માટે તથા ૨૪૧૨ ચો.મી.માં વાણિજય હેતુ માટે જ.મ.કાયદાની કલમ-૬૫ હેઠળ બિનખેતી પરવાનગી મળવા બાબત		૧,૮૭,૦૧૦/-	મામલતદાર સુરત શહેર, અડાજણ વતી મંજુર કરનાર અધિકારીની સહિ તારીખ: ૨૦/૦૭/૧૬
સહી			
(શબ્દોમાં) અંકે રૂપિયા એક લાખ સત્યાશી હજાર દસ પુરા કુલ		૧,૮૭,૦૧૦/-	
			નાણા ભરવાનો હુકમ કરનાર અધિકારીની સહિ તથા સિક્કોઅને પુરેપુરો હોદ્દો

રૂ. પૈ. તારીખ:

(શબ્દોમાં) તિજોરી અધિકારી/એજન્ટ

ખજાનચી હિસાબનીશ

I0430/8445
101
NDP P.F.No. 4627482
BSR CODE : 0001385
JUL 2016
CASH/TRANSFER
QUEUE NO. SBI, NANPURA, SURAT.

Rs 187010/-

G.P.Rjt,std-815 11-2003 10,00,000 A5
F.D.Memo No.TJR/1088/178/z dt.15/7/88
T.O.Form No.6 vide BTR-112

Try.8g.(Revised)

I

ચલણ નં. ૨૩૨૦/૧૬-૧૭

નાનપુરા, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ખાતેની તિજોરી/પેટા-તિજોરી/સ્ટેટ/રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાં ભરેલી રોકડ રકમનું ચલણ.

નાણા મોકલનારે ભરવાનું				ખાતાના અમલદાર કે તિજોરીએ ભરવાનું
જેના તરફથી નાણા ભરવામાં આવ્યા હોઈ તે વ્યક્તિનું નામ (અથવા હોદ્દો) અને સરનામું	કમલેશભાઈ બાબુભાઈ ભેસાણીયા વિગેરે રહેવાસી. : સી.૫૦૧,સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા,સુરત			હિસાબનું સદર ૦૦૨૯ એલ.આર. "મોજણી અને જમાંબંધીના કારણે પ્રાપ્તિ"
*મોકલેલા ભરણાની પુરપુરી વિગત અને તે અંગેના હુકમ (કોઇ હોય તો)		રકમ		
મોજે:વરીયાવ,તાલુકો :અડાજણ, જિ.સુરતના સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨ /૨ , બ્લોક નં.૧૧૬૮/ક, ક્ષે. હે.૨-૨૧-૧૭ચો.મી.ટી.પી.સ્કીમ નં. (વરીયાવ) ફાયનલ પ્લોટ નં.૫૮+૫૯ ક્ષે.૧૩૮૭૭-૦૦ ચોમી.સબ પ્લોટ-૧+સબ પ્લોટ-૨ વાળી જમીનને વાણીજ્ય અને રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગી અંગે બિનખેતી માપણીની ફી રકમ. કલે.સુરતના હું.નં.એ/બખપ/એસ.આર.નં.~~૩૯૪~~ ૩૭૨/૧૬/તા. ૮/૭/૨૦૧૬.		૬૦૦૦	૦૦	મંજુર કર્યું મંજુર કરનાર અધિકારીની સહી. હોદ્દો: જિલ્લા નિરીક્ષક જમીન દફતર, સુરત
(સહી) [signature] કુલ:		૬૦૦૦	૦૦	તારીખ : 12 JUL 2016
(શબ્દોમાં)રૂપિયા : છ હજાર પુરા				નાણા ભરવાનો હુકમ કરનાર અધિકારીની સહી તથા પુરેપુરો હોદ્દો.

ખજાનચી   હિસાબનીશ   નિયંત્રણ અધિકારી/એજન્ટ   (પાછળ જુઓ)

NDP | P.F.NO. 4627482
BSR CODE
13 JUL 2016
CASH/TRANSFER
QUEUE NO. | SBI, NANPURA, SURAT

Rs 6000

1140069390/00948

G.P.Rjt.std-815 11-2003 10,00,000 A5
F.D.Memo No.TJR/1088/178/z dt.15/7/88
T.O.Form No.6 vide BTR-112

Try.8g.(Revised)

ચલણ નં. 23૨૦/૧૬-૧૭

નાનપુરા, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ખાતેની તિજોરી/પેટા-તિજોરી/સ્ટેટ/રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાં ભરેલી રોકડ રકમનું ચલણ

નાણાં મોકલનારે ભરવાનું				ખાતાના અમલદાર કે તિજોરીએ ભરવાનું
જેના તરફથી નાણાં ભરવામાં આવ્યા હોઈ તે વ્યક્તિનું નામ (અથવા હોદ્દો) અને સરનામું	કમલેશભાઈ બાબુભાઈ ભેસાણીયા વિગેરે રહેવાસી : સી.૫૦૧,સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા,સુરત			હિસાબનું સદર ૦૦૨૯ એલ.આર. "મોજણી અને જમાબંધીના કારણે પ્રાપ્તિ"
*મોકલેલા ભરણાની પુરેપુરી વિગત અને તે અંગેના હુકમ (કોઈ હોય તો)		રકમ		
મોજે:વરીયાવ,તાલુકો :અડાજણ, જિ.સુરતના સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨ , બ્લોક નં.૧૧૬૮/ક, ક્ષે. હે.૨-૨૧-૧૭ચો.મી.ટી.પી.સ્કીમ નં. (વરીયાવ) ફાયનલ પ્લોટ નં.૫૮+૫૯ ક્ષે.૧૩૮૭૭-૦૦ ચોમી.સબ પ્લોટ-૧+સબ પ્લોટ-૨ વાળી જમીનને વાણીજ્ય અને રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગી અંગે બિનખેતી માપણીની ફી રકમ. કલે.સુરતના હુ.નં.એ/બખપ/એસ.આર.નં.૩૧૨/૧૬/તા. ૮/૭/૨૦૧૬.		૬૦૦૦	૦૦	મંજુર કર્યું મંજુર કરનાર અધિકારીની સહી. હોદ્દો: જિલ્લા નિરીક્ષક જમીન દફતર, સુરત
(સહી) [signature] કુલ:		૬૦૦૦	૦૦	તારીખ : 12 JUL 2016
(શબ્દોમાં)રૂપિયા : છ હજાર પુરા				નાણા ભરવાનો હુકમ કરનાર અધિકારીની સહી તથા પુરેપુરો હોદ્દો.

ખજાનચી હિસાબનીશ તિજોરી અધિકારી/એજન્ટ (પાછળ જુઓ)

NDP P.F.No. 4527482
BSR CODE
13 JUL 2016
CASH/TRANSFER
SBI NANPURA, SURAT

૬૦૦૦

UCR69380/00948

નો.એ./જમય/એસ આર નં. ૩૨૦૨૯/૧૦ ૧૦ ૯૨/૯૩
કલેક્ટર કચેરી સુરત
ORIGINAL તા. ૮-૭-૨૯ R. V. 19 G.

તારીખ ૨૪/૭/૨૦૨૫ પહોંચ નંબર : ૨૫

ગામ વરીયાવ જમીન નં. ૨૨૯૮/૬

તાલુકો ચોર્યાસી ખાતા નંબર ૨૯૭૦

સંયુક્ત જમીન મહેસૂલની રકમ				ખાતેદારનું નામ
પાછલી બાકી	કાયમી	ફરતી	લાથ પરની સિલક	કમલેશભાઈ બાબુભાઈ બીજા વિગેરે
—	—	૬૪૭૩/-	૬૪૭૩/-	હસ્તે કમલેશભાઈ બાબુભાઈ

અંકે રૂપિયા છ હજાર ચારસો તોતેર પૂરા મળ્યા છે.

સરપંચ, ગ્રામપંચાયત તલાટી/મંત્રી, ગ્રામ પંચાયત

નો.એ./જમય/એસ આર નં. ૩૨૦૨૯
૧૦ ૧૦ ૯૨/૯૩
તા. ૮-૭-૨૯

આર. વી. ૫૫

[સ. ઠ. મ. એમએ.વિ. નં. છસીઅર-૧૦૬૨
એલ. તા.૧૦-૧૦-૬૨]

ગામનો નમૂનો નં. ૯ (શિક્ષણ ઉપકર)

પહોંચ નંબર : ૩૭

મોજે : વરીયાવ તાલુકો : ચોર્યાસી જિલ્લો : સુરત

ખાતા નંબર : ૨૯૭૦ તારીખ ૨૪/૭/૨૫

ગામનો નમૂનો-૮(ક)માં જણાવ્યા પ્રમાણે ખાતેદારનું

નામ કમલેશભાઈ બાબુભાઈ વિગેરે

પહોંચ

પાછલી બાકી	ચાલુ ફરતી	કુલ	ના તરફથી અંકે
રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	એક હજાર
—	— ૧૮૦૩/-	૧૮૦૩	આઠસો ત્રણ મળ્યા પૂરા

ક્રમાંક:એ/બખપ/એસ.આર.નં.૩૭૨/૧૬/ID NO.27193/
વશી.૯૦૧૧ થી ૯૦૩૦/૧૬
ચીટનીશ શાખા, કલેકટર કચેરી,
બી-૫, જિલ્લા સેવા સદન-૨, અઠવા લાઇન્સ, સુરત.
તા.૨૫/૦૭/૨૦૧૬

વાંચનમાં લીધુ:-

૧. અરજદાર જમીનધારકોશ્રી કમલેશભાઇ બાબુભાઇ ભેંસાણીયા વિ. રહે. સી-૫૦૧, સ્વસ્તિકમ ટાવર, સરથાણા જકાતનાકા, સુરતની તા.૦૭/૦૬/૨૦૧૬ ની અરજી.
૨. અત્રેની કચેરીના ગણોત શાખાના હુકમ નં.ગણત-૪/રી.રજી નં.૧૦૨/૧૫/વશી.૨૮૩૮ થી ૨૮૪૯/૧૬/ ઓનલાઇન ફાઇલ નં.૨૨૮૮૦ તા.૨૩/૦૫/૨૦૧૬ તથા સુધારા હુકમ નં.ગણત-૩/વાણિજ્ય હુકમ/વશી.૭૮૧/૧૬ તા.૨૪/૦૬/૨૦૧૬.
૩. અત્રેની કચેરીનાં વહીવટી શાખાનાં પત્ર નં.એલ.એ.ક્યુ/વશી.૧૬૭૧/૨૦૧૬/એસ.આર.નં.૮૨૧/૨૦૧૬ તા.૧૭/૦૬/૨૦૧૬.
૪. અત્રેની કચેરીનાં હકપ દફતરના શેરા પત્ર નં.એ/હકપ/સ્યૂમોટો/વશી.૨૭૮૬/૨૦૧૬/રજી નં.૫૯૬/૨૦૧૬ તા.૧૫/૦૬/૨૦૧૬.
૫. અત્રેની કચેરીનાં યુ.એલ.સી. શાખાનાં પત્ર નં.યુ.એલ.સી/૬(૧)/વરીયાવ/અભિપ્રાય/વશી.૧૭૪/૧૫ તા.૨૪/૦૩/૨૦૧૫.
૬. મામલતદારશ્રી સુરત શહેર અડાજણ, તા.સુરત સીટીના શેરા પત્ર નં.જમન/કલમ-૪૩/વશી.૯૮૮/૨૦૧૫ તા.૨૭/૦૨/૨૦૧૫.
૭. નાયબ કલેક્ટરશ્રી સીટી પ્રાંત, સુરતના શેરા પત્ર નં.એડીએમ/નશજ/બીનખેતી/વશી.૬૧૬/૨૦૧૫ તા.૧૭/૦૩/૨૦૧૫.
૮. મદદનીશ નગર નિયોજકશ્રી સુરત શહેરી વિકાસ સત્તા મંડળ સુરતનાં તા.૦૧/૦૭/૨૦૧૪ ના ઝોનીગ સર્ટી ક્રમાંક:સુડા/ટેક/ઝો.સર્ટી/૧૮૩૨૨/૨૦૧૪ ની નકલ.
૯. સુરત મહાનગરપાલિકા સુરતમાં અરજદારે વિકાસ પરવાનગી મેળવવા કરેલ અરજી અન્વયે ભરેલ ચકાસણી ફી તથા રસ્તા રોકાણ ડીપોઝીટ અંગેના ચલણ તા.૧૧/૦૫/૨૦૧૬, ૨૫/૦૪/૨૦૧૬, ૦૬/૦૫/૨૦૧૬, તથા તા.૩૧/૦૫/૨૦૧૬ ની નકલ.
૧૦. સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક:બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૨૦૦૮.
૧૧. સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક:એલઆરસી/૧૦-૨૦૦૨/૧૬૪૦/ક તા.૨૨/૦૪/૨૦૦૩.
૧૨. સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં જાહેરનામા ક્રમાંક:જીએચએમ/૨૦૦૮/૨૨/એમ/એલઆરઆર/૧૦/૨૦૦૨/ ૧૬૪૦(૧)(ક) તા.૨૯/૦૩/૨૦૦૮.
૧૩. અરજદારશ્રીએ સરકારશ્રીની જોગવાઇ અનુસાર જમા કરાવેલ રૂપાંતર કર અન્વયે રજુ કરેલ ચલણ નંબર.૧૦૫/૧૬-૧૭ તા.૧૩/૦૭/૨૦૧૬.

હુકમ :-

આ કામની હકીકત એવી છે, કે આમુખ-૧ માં જણાવેલ અરજદાર જમીનધારકોશ્રી કમલેશભાઇ બાબુભાઇ ભેંસાણીયા વિ.રહે.સી-૫૦૧, સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા, સુરતએ તેમની તા.૦૭/૦૬/૨૦૧૬ ની અરજીથી તેઓએ ધારણ કરેલી મોજે.વરીયાવ, તા.સુરત સીટી(અડાજણ) જી.સુરતનાં સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/ક ક્ષેત્રફળ હે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) ફા.પ્લોટ નં.૫૮+૫૯ ૧૩૮૭૭-૦૦ ચો.મી. વાળી જમીન પૈકી ૧૧૪૬૫-૦૦ ચો.મી. જમીનમાં રહેણાંકનાં હેતુ માટે તથા ૨૪૧૨-૦૦ ચો.મી. જમીનમાં વાણિજ્યનાં હેતુ માટે જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ હેઠળ બિનખેતી પરવાનગી મળવા માંગણી કરેલ છે.

અરજદાર જમીનધારકોએ તેમની અરજી સાથે તેઓએ ધારણ કરેલી મજકુર મોજે.વરીયાવ, તા.સુરત સીટી(અડાજણ) જી.સુરતનાં સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/ક ક્ષે.૨-૨૧-૧૭ ચો.મી. વાળી જમીનની સને ૨૦૧૫-૧૬ ના વર્ષની રજુ કરેલ ૭/૧૨ માં કબજેદાર તરીકે આ કામનાં અરજદાર જમીનધારકોશ્રી (૧)કમલેશભાઇ બાબુભાઇ ભેંસાણીયા રહે.સી-૫૦૧, સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા, સુરત (૨)અશોકભાઇ નરશીભાઇ પટેલ/ભંગડીયા રહે.ડી-૧૦૦૨, સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા, સુરત

(૩)રમેશભાઇ ગોરધનભાઇ કથીરીયા રહે.ઈ-૩૦૧, સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા, સુરત (૪)મુકેશભાઇ ગુરજણભાઇ મોરડીયા રહે.૮૧ ચિત્રકૂટ સોસાયટી, હીરાબાગ, વરાછા રોડ, સુરત (૫)નવીનચંદ્ર ઉર્ફે નવીનભાઇ ગોરધનભાઇ ટોપીયા રહે.૩,કંતારેશ્વર સોસાયટી, કતારગામ, સુરતના સંયુકત નામે ચાલી આવેલ છે. આ જમીન આ કામનાં અરજદાર જમીનધારક રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૭૩૯/૨૦૧૫ તા.૨૫/૦૬/૨૦૧૫ થી વેચાણ રાખી હોવાનું રજુ કરેલ ફેરફાર નોંધ નં.૧૪૫૬૧ તા.૨૫/૦૬/૨૦૧૫ ની નકલથી ખાત્રી કરતાં જણાય આવે છે.

આ જમીનને ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) લાગુ પડતાં ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ હોવાનું રજુ કરેલ મજકુર ટી.પી.સ્કીમનાં ફોર્મ-"એફ" ની નકલથી ખાત્રી કરતા જણાય આવે છે.

આ જમીન બીનખેતી પ્રિપાત્રં સત્તા પ્રકારની ચાલી આવેલ હતી. આ કામના અરજદાર જમીનધારકોશ્રી કમલેશભાઇ બાબુભાઇ લૈંસાણીયા વિગેરે રહે. સી-૫૦૧, સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા, સુરતનાએ આ બિનખેતી પ્રિમિયમને પાત્ર સત્તા પ્રકારની મોજે.વરીયાવ, તા.સુરત સીટી(અડાજણ) જી.સુરતનાં સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/અ ક્ષે.૦-૧૫-૧૭ ચો.મી. તથા સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં. ૧૧૬૮/બ ક્ષેત્રફળ હે.૦-૧૩-૧૫ ચો.મી. તથા બ્લોક નં.૧૧૬૮/ક ક્ષે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) ફા.પ્લોટ નં.૫૬+૫૭ ની ૨૩૩૯-૦૦ ચો.મી. વાણિજ્યનાં હેતુ માટે તથા ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ ચો.મી. પૈકી ૧૨૩૭૭-૦૦ ચો.મી. રહેણાંક હેતુ માટે અને ૧૫૦૦-૦૦ ચો.મી. વાણિજ્યનાં હેતુ માટે મળી કુલ ૧૬૨૧૬-૦૦ ચો.મી. જમીન જુની શરતમાં ફેરવી આપવા માંગણી કરતાં, અત્રેની કચેરીના ગણોત શાખા દ્વારા સરકારશ્રીની પુર્વ મંજુરી મેળવી જમીનધારકો પાસેથી આ જમીનની રહેણાંક-કમ-વાણિજ્યના હેતુ માટેની હાલની અમલી જંત્રી મુજબ પ્રતિ ચો.મી. ના રૂ.૫,૮૦૦/- લેખે ૧૬૨૧૬-૦૦ ચો.મી. જમીનની કુલ કિંમત રૂ.૯,૪૦,૫૨,૮૦૦/- મુલ્યાંકન થાય છે. જે મુજબ વિભાગના તા.૦૪/૦૭/૦૮ અને તા.૦૩/૦૫/૧૧ ના ઠરાવ અનુસાર કુલ કિંમતના ૪૦% લેખે રૂ.૩,૭૬,૨૧,૧૨૦/- (અંકે રૂપિયા ત્રણ કરોડ છોતેર લાખ એકવીસ હજાર એકસો વીસ પુરા) નું પ્રિમીયમ વસુલ લઈ આમુખ-૨ માં જણાવેલ ગણોત શાખાના હુકમ નં.ગણત-૪/ રી.રજી નં.૧૦૨/૧૫/વશી.૨૮૩૮ થી ૨૮૪૯/૧૬ ઓનલાઇન ફાઇલ નં.૨૨૮૮૦ તા.૨૩/૦૫/૨૦૧૬ થી ગણોતધારા કલમ-૪૩ પ્રસપ્ર સત્તા પ્રકારની આ જમીન બીનખેતીના રહેણાંક-કમ-વાણિજ્યનો હેતુ માટે જુની શરતમાં હેતુફેર કરી આપવા હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉકત શાખાના સુધારા હુકમ નં.ગણત-૩/ વાણિજ્ય હુકમ/વશી.૭૮૧/૧૬ તા.૨૪/૦૬/૨૦૧૬ થી મોજે.વરીયાવ, તા.સુરત સીટી(અડાજણ) જી.સુરતનાં સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/અ ક્ષે.૦-૧૫-૧૭ ચો.મી. તથા સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં ૧૧૬૮/બ ક્ષેત્રફળ હે.૦-૧૩-૧૫ ચો.મી. તથા બ્લોક નં.૧૧૬૮/ક ક્ષે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ ચો.મી. પૈકી ૩૦૦૦-૦૦ ચો.મી. જમીનમાં વાણિજ્ય હેતુસર ઉપયોગ કરવાના હેતુસર સુધારા હુકમ કરવામાં આવે છે.

આ કામના અરજદાર જમીનધારકએ બિનખેતી પ્રિમિયમને પાત્ર સત્તા પ્રકારની આ જમીન જુની શરતમાં ફેરવવા માટે કરેલ અરજીના સંદર્ભે અત્રેની કચેરીના ગણોત શાખા ધ્વારા મેળવેલ જે તે કાયદાતળેના અમલીકરણ અધિકારીશ્રીઓના અભિપ્રાયોની નકલ ગણોત શાખામાંથી મેળવી તેમની પ્રસ્તુત બીનખેતી પરવાનગીની અરજી સાથે ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જે મુજબ

આમુખ-૩ માં જણાવેલ અત્રેની કચેરીનાં વહીવટ શાખાનાં જમીન સંપાદન દફતરેથી ખાત્રી કરાવી અહેવાલ મેળવતાં તેઓની કચેરીના ૫૨(અ)ના ઉપલબ્ધ રજીસ્ટર તેમજ રેકર્ડથી ખાત્રી કરતાં મોજે.વરીયાવ, તા.સુરત સીટી (અડાજણ) ના સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/ક વાળી જમીન અંગે જમીન સંપાદનની કાર્યવાહી ચાલુ નથી. તેમ જણાવેલ છે.

આમુખ-૪ માં જણાવેલ અત્રેની કચેરીના હકક પત્રક દફતરેથી ખાત્રી કરી અહેવાલ મેળવતા આ જમીનમાં પડેલ ફેરફાર નોંધો પૈકી કોઇપણ નોંધ અંગે હકપત્રક ટીમ તરફથી રીવીઝનમાં લેવા માટે કોઇ કેસ ઉપસ્થિત કરવામાં આવેલ હોવાની વિગત જણાયેલ નથી. તેમજ અત્રેના આર.ટી.એસ/અપીલ તથા સ્યુમોટો રજીસ્ટરે પણ કોઇપણ નોંધ અંગે હાલ કોઇ કેસ ચાલતા હોવાની વિગત જણાયેલ નથી. તેમ જણાવેલ છે.

આમુખ-૫ માં જણાવેલ યુએલસી શાખાએ તેમનાં તા.૨૪/૦૩/૨૦૧૫ ના પત્રથી રજુ કરેલ અહેવાલમાં જણાવેલ વિગતે પ્રસ્તુત કામે ઉપલબ્ધ રેકર્ડથી ખાત્રી કરતાં પ્રશ્નવાળી જમીનો તા.૧૭/૦૨/૧૯૭૬

ની સ્થિતિએ બે જમીનધારકો (૧)ઇશ્વરભાઇ રણછોડભાઇ અને (૨)પાલીબેન રામુભાઇ રણછોડની વિધવાના સંયુકત નામે ચાલતી હતી. જે પૈકી અ.નં.૨ મુજબના શહેરી જમીન ટોચ મર્યાદા ધારાના અમલ સમયના જમીનધારક પાલીબેન રામુભાઇ પટેલ તરફથી તા.૧૨/૦૮/૧૯૭૬ ના રોજ મોજે.વરીયાવના સ.નં.૧૨૨૨/૧ ની ૪૦૦-૦૦ ચો.મી.તથા સ.નં.૧૨૨૨/૨ ની ૫૦૦૦-૦૦ ચો.મી. જમીન સહિત તેમની અન્ય જમીન/મિલ્કતની જાહેરાત કરવામાં આવેલ. જે પરત્વે સક્ષમ અધિકારીએ કામ ચલાવી તા...../૧૧/૭૯ ના હુકમથી પ્રશ્નવાળી જમીન ખેતીઝોનમાં આવેલ હોવાથી જમીનધારકનું ફોર્મ દફતરે કરવામાં આવેલ. સક્ષમ અધિકારીએ કલમ-૮(૪) હેઠળની સુનાવણી અંગેની કાર્યવાહી હાથ ધરતાં શહેરી જમીન ટોચ મર્યાદા ધારો તા.૩૦/૦૩/૧૯૯૯ ના રોજ રદ થવાના સમય સુધીમાં વિશેષ કોઇ કાર્યવાહી થઇ શકેલ નથી. જમીનધારક ઇશ્વરભાઇ રણછોડભાઇ તરફે મોજે.વરીયાવના સ.નં.૧૨૨૨/૧ તથા ૧૨૨૨/૨ વાળી જમીન પૈકી પોતાના હિસ્સાની જમીન અંગે ફોર્મ-૧ માં જાહેરાત કરવામાં આવેલ ન હોવાથી જમીનધારક તરફે માધુભાઇ રીણાભાઇ કળસરીયાએ તા.૧૮/૦૨/૨૦૧૫ ની અરજીથી જરૂરી સ્પષ્ટતા રજુ કરી, પ્રશ્નવાળી જમીન શહેરી જમીન ટોચ મર્યાદા ધારાના અમલ દરમ્યાન એગ્રીકલ્ચર ઝોનમાં હતી. જેથી જમીનધારકે જે તે સમયે ફોર્મ-૧ ભરેલ ન હોવાની રજુઆત કરેલ છે. જેમાં જમીનધારકો તરફે માધુભાઇ રીણાભાઇ કળસરીયાએ શ્રી વિમલકુમાર કે. મહેતા નોટરી સમક્ષ તા.૨૧/૧૧/૨૦૧૪ ના રોજ રજી નં.૧૯૪૭/૧૪ અન્વયે કરેલ એફીડેવીટમાં તેઓની મજકુર જમીન યુએલસી કાયદા હેઠળ ફાજલ થયેલ નથી કે તેનો કબજો લેવાયેલ નથી. તેની બાંહેધરી આપેલ છે. પ્રશ્નવાળી જમીન સરકારશ્રી દ્વારા તા.૩૧/૦૧/૧૯૮૬ થી જાહેરનામાથી મંજુર કરાયેલ આખરી વિકાસ યોજનામાં એગ્રીકલ્ચર ઝોનમાં આવેલ છે. જે અંગેના સુડાના ઝોનીંગ સર્ટીફીકેટની નકલ અરજદારે રજુ કરેલ છે. આમ, પ્રશ્નવાળી જમીન અંગે કાયદાના અમલ સમય દરમ્યાન ખેતીઝોનમાં હોવાના કારણે અધિનિયમની કલમ-૮(૪) અન્વયેની કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. શહેરી જમીન ટોચ મર્યાદા ધારા રદ કરવા બાબત અધિનિયમ-રીપીલ એકટ ૧૯૯૯ તેમજ ઉપલબ્ધ રેકર્ડેથી કરેલ ખાત્રી મુજબ ઉપરોકત સ્પષ્ટતા અનુસાર મોજે.વરીયાવ, તા.સુરત સીટી(અડાજણ) જી.સુરતનાં સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/ક ક્ષેત્રફળ હે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ ચો.મી જમીન હેતુફેર કરવા માટે પ્રવર્તમાન જોગવાઇ અનુસાર આગળની કાર્યવાહી થવા તેઓની કચેરીનો અભિપ્રાય છે. તેમ જણાવેલ છે.

આમુખ-૬ માં જણાવેલ મામલતદારશ્રી સુરત શહેર અડાજણ, તા.સુરત સીટીએ તેમના તા.૨૭/૦૨/૨૦૧૫ ના શેરા પત્રથી આ જમીન સ્થળ ખરાઇ કરી રજુ કરેલ અહેવાલમાં જણાવેલ વિગતે મોજે.વરીયાવ, તા.સુરત સીટી (અડાજણ) જી.સુરતનાં સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/ક ક્ષેત્રફળ હે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ ચો.મી જમીન હાલ સ્થળે ખુલ્લી છે. તારનું ફેન્સીંગ કરવામાં આવેલ છે. આ જમીનમાંથી ઇલેકટ્રીક હાઇ ટેન્સન લાઇન પસાર થતી નથી. લો ટેન્શન લાઇન પસાર થાય છે. ગેસ લાઇન કે ડ્રેનેજ લાઇન પસાર થતી નથી. કુવો/બોરીંગ આવેલ નથી. ૩૫'X૧૫' ચો ફુટનો પતરાની બે રૂમો બનાવેલ છે. તેમ જણાવેલ છે.

આમુખ-૭ માં જણાવેલ નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત સુરત ના શેરા નં.એડીએમ/નશજ/બિનખેતી /વશી.૬૧૬/૨૦૧૫ તા.૧૭/૦૩/૨૦૧૫ થી મોજે.વરીયાવ, તા.સુરત સીટી(અડાજણ) જી.સુરતનાં સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/ક ક્ષેત્રફળ હે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ ચો.મી વાળી જમીનની ખેતીનાં હેતુ માટે હેતુફેરની પરવાનગી આપવાના કામે સરકારશ્રીનાં તા.૦૪/૦૭/૨૦૦૮ નાં ઠરાવની જોગવાઇ મુજબ નિયત ચેકલીસ્ટમાં માહિતી સહ દરખાસ્ત તૈયાર કરી છે. નવી જંત્રી-૨૦૧૧ મુજબની કિંમતના ૪૦% પ્રમાણે પ્રિમીયમની રકમ વસુલ લઇ, સરકારશ્રીની પુર્વ મંજુરીથી હેતુફેરની પરવાનગી આપવામાં આવે તો વાંધો કે હરકત નથી. તેમ અભિપ્રાય આપેલ છે.

આમુખ-૮ માં જણાવેલ મદદનીશ નગર નિયોજકશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ, સુરતએ આપેલ ઝોનીગ સર્ટીફીકેટ લક્ષમાં લેતા, મજકુર મોજે.વરીયાવ, તા.સુરત સીટી, બ્લોક નં.૧૧૬૮ વાળી જમીન રેસીડેન્સીયલ ઝોનમાં આવે છે. તથા સદર જમીનમાંથી ૪૫-૦૦ મી નો સુચિત રસ્તો પસાર થાય છે.

આમુખ-૯ માં જણાવેલ વિગતે અરજદારે આ જમીનમાં વિકાસ પરવાનગી મેળવવા માટે સુરત મહાનગરપાલિકા, સુરતની કચેરીમાં કરેલ અરજીનાં સંદર્ભે ભરેલ ચકાસણી ફી તથા રસ્તા રોકાણ ડિપોઝીટ

અંગેના ચલણ નં.૧૦૦/૨ તા.૧૧/૦૫/૨૦૧૬ તથા ચલણ નં.૧૦૦/૧ તા.૨૫/૦૪/૨૦૧૬ તથા ચલણ નં.૧૦૦/૩ તા.૦૬/૦૫/૨૦૧૬ તથા ચલણ નં.૧૦૦/૨ તા.૩૧/૦૫/૨૦૧૬ ની નકલ રજુ કરેલ છે.

આ કામે રજુ થયેલ ફોર્મ-એફ મુજબ પ્રશ્નવાળી જમીનનો મુળ ખંડ નં.૪૩/૩ ક્ષે.૨૨૧૧૭-૦૦ ચો.મી ની સામે ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ ચો.મી દર્શાવેલ છે. જેથી નિયમોનુસાર કપાત થતી ૮૨૪૦-૦૦ ચો.મી. જમીન અંગે ગા.ન.નં.૭/૧૨ માં બીજા હક્કમાં શ્રી સરકાર (સુરત મહાનગરપાલિકા હસ્તક) લખવાનું થાય છે.

આમ, ઉપરોક્ત સમ્રગ હકીકત ધ્યાને લેતાં તથા સંબંધિત જે તે કાયદાતળેના અમલીકરણ અધિકારીશ્રીઓ ધ્વારા આપેલ સાનુકુળ અભિપ્રાયો સહિતની વિગતો લક્ષમાં લેતાં, આ કામનાં અરજદાર જમીનધારકને તેઓએ ધારણ કરેલી મજકુર મોજે.વરીયાવ, તા.સુરત સીટી(અડાજણ) જી.સુરતનાં સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/ક ક્ષેત્રફળ હે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ ચો.મી. વાળી જમીન પૈકી ૧૧૪૬૫-૦૦ ચો.મી. જમીનમાં રહેણાંકનાં હેતુ માટે તથા ૨૪૧૨-૦૦ ચો.મી. જમીનમાં વાણિજ્યનાં હેતુ માટે જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી આપવા હરકત સરખુ ન હોય પ્રથમ રૂપાંતરકર વસુલ કરી બીનખેતી પરવાનગી આપવા અત્રેથી નિર્ણય લીધેલ છે, તે મુજબ જમીનધારકોને આમુખ-૧૧ માં જણાવેલ સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા.૨૨/૦૪/૦૩ નાં પરિપત્રની જોગવાઇ અનુસાર તથા સુધારેલા જમીન મહેસુલ કાયદાની કલમ-૬૭(એ)(૩) મુજબ ખેતીની જમીન રહેણાંકનાં હેતુ માટે બીનખેતીમાં ફેરવવાના કામે રૂપાંતરકર પ્રતિ ચો.મી. નાં રૂા.૧૦/- લેખે ૧૧૪૬૫-૦૦ ચો.મી. જમીનનાં રૂા.૧,૧૪,૬૫૦/- (અંકે રૂપિયા એક લાખ ચઉદ હજાર છસો પચાસ પૂરા) તથા વાણિજ્યનાં હેતુ માટે બીનખેતીમાં ફેરવવાના કામે રૂપાંતરકર પ્રતિ ચો.મી. નાં રૂા.૩૦/- લેખે ૨૪૧૨-૦૦ ચો.મી. જમીનનાં રૂા.૭૨,૩૬૦/- (અંકે રૂપિયા બોત્તેર હજાર ત્રણસો સાંઇઠ પૂરા) મળી કુલ રૂા.૧,૮૭,૦૧૦/- (અંકે રૂપિયા એક લાખ સત્યાંસી હજાર એકસો દસ પૂરા) સરકારશ્રી ખાતે ભરપાઇ કરવા જણાવતાં તેઓએ આ રકમ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, નાનપુરા શાખામા આમુખ-૧૩ માં જણાવેલ ચલણથી જમા કરાવી ચલણની એક પ્રત રજુ કરેલ છે. તદઉપરાંત જમીનધારકોએ આમુખ-૧૨ માં જણાવેલ સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા.૨૯/૦૩/૦૮ ના જાહેરનામા અનુસાર અને જમીન મહેસુલ નિયમોનાં નિયમ-૮૧ મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તાર વર્ગ-'એ' માં સમાવિષ્ટ થયેલ હોય રહેણાંકનાં હેતુ માટે વિશેષધારો પ્રતિ ચો.મી. નાં રૂા.૦.૨૫ પૈસા લેખે ૧૧૪૬૫-૦૦ ચો.મી. જમીનનો બીનખેતી આકાર રૂા.૨,૮૬૭/- (અંકે રૂપિયા બે હજાર આઠસો સડસઠ પુરા) તથા વાણિજ્યનાં હેતુ માટે વિશેષધારો પ્રતિ ચો.મી. નાં રૂા.૦.૬૦ પૈસા લેખે ૨૪૧૨-૦૦ ચો.મી. જમીનનો બીનખેતી આકાર રૂા.૧,૪૪૮/- (અંકે રૂપિયા એક હજાર ચારસો અડતાલીસ પુરા) તથા તે ઉપર લેવા પાત્ર શિક્ષણ ઉપકર તથા લોકલ ફંડ શેષ તથા અન્ય કર હુકમનાં વર્ષ ૨૦૧૫-૧૬ થી ભરપાઇ કરવાની શરતે તેમજ નીચે જણાવેલ શરતોને આધીન મોજે.વરીયાવ, તા.સુરત સીટી(અડાજણ) જી.સુરતનાં સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/ક ક્ષેત્રફળ હે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ ચો.મી. વાળી જમીન પૈકી ૧૧૪૬૫-૦૦ ચો.મી. જમીનમાં રહેણાંકનાં હેતુ માટે તથા ૨૪૧૨-૦૦ ચો.મી. જમીનમાં વાણિજ્યનાં હેતુ માટે જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫ હેઠળ બિનખેતી પરવાનગી આપવા હુકમ કરવામાં આવે છે.

શરતો:-

(૧) આ હુકમ થયાની તારીખથી ૬ માસમાં ખેતી સિવાયનું કૃત્ય શરૂ કરી તેની લેખિત જાણ મામલતદારશ્રી સુરત શહેર અડાજણ, તા.સુરત સીટી ને કરવી પડશે.

(૨) આ હુકમની તારીખથી દિન-૧૫ માં અરજદારશ્રીએ સુરત મહાનગરપાલિકા, સુરતની કચેરીમાં વિકાસ પરવાનગી માટે રજુ કરેલ અરજી સંબંધે વિકાસ પરવાનગી મેળવી બાંધકામ કરવાની રજા ચિઠ્ઠી તથા મંજુર કરેલ બાંધકામનાં પ્લાન મેળવી લેવાનાં રહેશે.તથા તેમા દર્શાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તદઉપરાંત તે રજાચિઠ્ઠિ તથા તે લગત મંજુર પ્લાનના ૩(ત્રણ) સેટની સર્ટીફાઇડ નકલ અત્રે દિન-૧૫ માં રજુ કરવાની રહેશે.

(૩) જમીન ધારકોએ જિલ્લા ઇન્સપેક્ટરશ્રી, લેન્ડ રેકર્ડઝ, સુરતની કચેરીમાં માપણી ફી રૂા.૬,૦૦૦/- ચલણ નં.૨૩૨૦/૧૬-૧૭ તા.૧૩/૦૭/૨૦૧૬ થી જમા કરાવેલ છે. જેથી માપણી કરી/કરાવી આ હુકમ આધારે તેમજ મંજુર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું/કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો

મહેસુલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન/પ્લોટ નું રજી.દસ્તાવેજ થી થયેલ વેચાણ વ્યવહારનાં અમલ માટે નોધ પાડવાની રહેશે.

(૪) આ હુકમની શરત-૨ મુજબની મહાનગરપાલિકાની રજાચિઠ્ઠી તથા તે લગત મંજુર કરેલ પ્લાનમાં દર્શાવ્યા મુજબનાં ક્ષેત્રફળ ૧૩૮૭૭-૦૦ ચો.મી. જમીનમાં ખેતી સિવાયનાં પ્લોટ પૈકી બાંધકામ માટે દર્શાવેલ મુજબનાં નિયત ક્ષેત્રફળ કરતાં વધુ જમીનમાં અત્રેની પરવાનગી વગર બાંધકામ કરવું નહિ અને બાકીની જમીન આકાશ તરફ ખુલ્લી રાખવી પડશે.

(૫) આ હુકમની શરત-૨ માં દર્શાવ્યા મુજબ મેળવેલ સુરત મહાનગરપાલિકાની રજા ચિઠ્ઠીની મુદત પુર્ણ થયેથી અને જરૂર જણાયે મુદત લંબાવવા અંગેની પરવાનગી લેવાની રહેશે.

(૬) સુરત મહાનગરપાલિકા, સુરત તરફથી રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાન આપવામાં ન આવે ત્યાં સુધી સવાલવાળી જમીન ઉપર કોઇ પણ પ્રકારનું બાંધકામ ચાલુ કરી શકાશે નહિ.

(૭) નકશામાં દર્શાવ્યા મુજબના માપો તથા માર્જીનો સ્થળે જાળવવાના રહેશે.

(૮) લેન્ડ રેવન્યું કોડની કલમ-૪૮(૪) હેઠળ કલેકટરશ્રીની અગાઉની લેખિત પરવાનગી મેળવ્યા સિવાય મજકુર જમીનનો તથા બાંધકામનો રહેણાંક-કમ-વાણિજ્યનાં હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ થઇ શકશે નહિ.

(૯) આ જમીનમાં તમામ પ્રાથમિક સુવિધાઓ જેવી કે, રસ્તા, પાણી, ગટરલાઇન, ખાળકુવો, વીજળી, વરસાદી પાણીનો નિકાલ વિગેરે સુવિધાઓ અરજદારશ્રીએ પુરી પાડવાની રહેશે.

(૧૦) કબ્જેદારે ખેતી સિવાયનું કૃત્ય કર્યાની તારીખથી એક માસમાં ગામે તલાટી મારફત કૃત્ય શરૂ કર્યાની લેખિત ખબર આપવી પડશે, જો તેમ કરવામાં કસુર થશે તો બિનખેતી ધારો ઉપરાંત દંડની રકમ લેવામાં આવશે.

(૧૧) કબ્જેદાર/અરજદારે પોતાનાં ખર્ચે સર્વે ખાતા મારફતે ખેતી સિવાયનાં પ્લોટની માપણી ત્રણ માસમાં કરાવવી પડશે. સર્વે ખાતા તરફથી માપણી થયા મુજબ ક્ષેત્રફળ અને આકારમાં જે કાંઇ ફેરફારને પાત્ર થશે તે ફેરફારને પાત્ર રહેશે. તથા સર્વે ખાતાને માપણીનાં કામે જરૂરી રજાચિઠ્ઠી તથા તે લગત મંજુર પ્લાનની નકલ અરજદારશ્રીએ મુદત અંદર પુરી પાડવાની રહેશે.

(૧૨) જે ક્ષેત્રફળની જમીન બિનખેતી કરાવી કે તેના ૭/૧૨ માં અસર આપવાની રહેશે અને બીનખેતી પરત્વે સીટી સર્વે દફતરે પણ તેટલા એરીયાની નોધ કરવાની રહેશે.

(૧૩) કબ્જેદારે ખેતી સિવાયનું કૃત્ય ચાલુ કર્યાની તારીખથી અપીલનો સમય પુરો થયા બાદ બે માસની મુદતમાં નમુના "એમ" માં આ હુકમમાં જણાવેલ તમામ શરતો સહીતની સનદ કરી આપવી પડશે અને આ પરવાનગીની સનદમાં જણાવેલ શરતોને આધિન રહેશે.

(૧૪) કુવાથી ૧૦૦ ફુટ અંદર નજીક ખાળકુવો બાંધવો નહિ તેમજ ખાળકુવાનો ઉપયોગ કરવો નહિ.

(૧૫) મંજુર કરેલ ખેતી સિવાયનાં પ્લોટની જમીનની આજુબાજુ કંપાઉન્ડ બાંધવાનો પ્રસંગ ઉભો થાય તો સાડા ત્રણ ફુટથી વધુ ઉંચાઇએ બાંધવુ નહિ, રસ્તા તરફની બાજુએ દિવાલ બાંધવી હોયતો બાંધકામ ઓથોરીટીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય બાંધવી નહિ.

(૧૬) આ હુકમની તારીખથી ૩(ત્રણ) વર્ષમાં બાંધકામ પુરૂ કરવુ પડશે. બાંધકામ પુરૂ કરી એક માસમાં તેની જાણ મામલતદાર સુરત શહેર અડાજણ, તા.સુરત સીટી ને કરવી પડશે. બાંધકામ મુદત અંદર પુરૂ કરવામાં ન આવશે તો મુદત માટે અરજી કરવાની રહેશે.

(૧૭) બાંધકામમાં સહેલાઇથી બળી જાય તેવા સ્ફોટક પદાર્થો યા સાધનોનો ઉપયોગ કરવો નહિ.

(૧૮) રૂપાંતરકર ની રકમ રૂા.૧,૮૭,૦૧૦/- ચલણ નં.૧૦૫/૧૬-૧૭ તા.૧૩/૦૭/૨૦૧૬ થી ભરપાઇ કરવામાં આવેલ છે, જે જીલ્લા તિજોરી અધિકારીની કચેરીમાં ખરાઇ માટે રજુ કરેલ છે. જે ખરાઇનો રીપોર્ટ બંધનકર્તા રહેશે.

(૧૯) સદરહું જમીન સક્ષમ અધિકારીની પરવાનગી વગર કોઇ પણ વિદેશીને કે જે ભારતનાં નાગરિક ન હોય તેને વેચી શકશે નહિ

(૨૦) બાંધકામ પુરૂ થયે ૧(એક) માસમાં તેની જાણ મામલતદારશ્રી સુરત શહેર અડાજણને તેમજ સીટી સર્વે સુપ્રિ.શ્રી ઓલપાડ વિભાગ સુરત ને કરવાની રહેશે.

(૨૧) અરજદારશ્રી સુચિત બાંધકામ કે જમીન જે તે સંસ્થા કે ઇસમને ભાડે યા વેચાણથી આપેતો હુકમમાં દર્શાવેલ તમામ શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તેમજ વેચાણ યા ભાડાખતમાં તમામ શરતોનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૨૨) સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા.૨૯/૦૫/૨૦૦૧ ના હુકમ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૧/૪૫૫/લ માં સ્ટ્રકચરલ સેફટી માટે દર્શાવેલ જોગવાઇઓ અને તે સાથે સામેલ એનેક્ષર એકસ-૧ થી દર્શાવેલ સ્ટ્રકચરલ સેફટી સંબંધી વિકાસ નિયંત્રણ નિયમોનું પાલન કરવાનું રહેશે અને તથા તે અનુસારના બાંધકામ માટે સ્થાનિક નગરપાલિકાની પુર્વ મંજુરી લઇ ત્યારબાદ જ બાંધકામ શરૂ કરવાનું રહેશે અને અરજદારશ્રી ધ્વારા હુકમની જોગવાઇઓનું પાલન થાય છે કે કેમ તે અંગેની તકેદારી સુરત મહાનગરપાલિકાએ રાખવાની રહેશે અને કોઇપણ શરતોનો ભંગ થશે તો બિનખેતીની પરવાનગીની શરતનાં ભંગ બદલ અત્રે પણ સુરત મહાનગરપાલિકાએ રીપોર્ટ મોકલવાનો રહેશે તથા સુરત મહાનગરપાલિકાએ પણ ધોરણસરની કાર્યવાહી કરવાની રહેશે.

(૨૩) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક:બખપ/૧૦૨૦૦૨/૧૯૦૭/ક તા:૨૮/૦૨/૦૩ ની સુચના મુજબ "વરસાદી પાણીના ભુર્ગભ વહન/સંચય માટે દર મકાન/બહુમાળી મકાન નકશા મંજુર કરવાની સત્તા ધરાવતા સત્તા તંત્રએ આપેલ મંજુરી મુજબ દીઠ એકના દરે પરકાલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે."

(૨૪) આ પરવાનગી ફકત રહેણાંક-કમ-વાણિજ્યનાં હેતુ માટે બિનખેતીના હેતુસર આપવામાં આવે છે. પરંતુ અન્ય ખાતાઓની સંલગ્ન કોઇ કાનુન/નિયમો અન્વયે કોઇ પરવાનગી/મંજુરી લેવાની થતી હોય તો તે મેળવવાની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૨૫) પ્રશ્નવાળી જમીન બિનખેતી કરવામાં આવે છે. જેમાં સુરત મહાનગરપાલિકા સુરત ધ્વારા તેમના નિતિનિયમોનુસાર જેટલું બાંધકામનો પ્લાન મંજુર કરવામાં આવે તે માન્ય ગણવાનો રહેશે.

(૨૬) આ જમીનમાંથી પેટ્રોલીયમ/પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરીટીએ સંબધિતોનું એન.ઓ.સી. મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૨૭) બિનખેતી પરવાનગી આપેલ આ જમીનના આકાશી ભાગમાંથી ઇલેકટ્રીક હાઇટેન્શન તથા લો ટેન્શન લાઇન પસાર થતી હોય તો જમીનધારકોએ જે હકીકત બાંધકામના પ્લાન મંજુર કરી વિકાસ પરવાનગી આપનાર ઓથોરીટી સમક્ષ જાહેર કરી પ્રથમ સંબંધિત ખાતાનું એન.ઓ.સી. મેળવી તે પ્લાનમાં લઇને બાંધકામનાં પ્લાન મંજુર કરવાનાં રહેશે તથા જમીનધારકોએ આ બાબતે સંબંધિત વિભાગ/ખાતા ધ્વારા આપવામાં આવતી એન.ઓ.સી. માં જણાવેલ શરતોનું તથા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૮) આ પરવાનગીથી જમીનના માલિકી હકક બાબતે કોઇ તકરાર ભવિષ્યમાં ઉપસ્થિત થાય તો તેમાં પરવાનગી આપનારની કોઇ જવાબદારી રહેશે નહિ.

(૨૯) આ પરવાનગી સુરત મહાનગરપાલિકા કચેરીમાં ભરવાના થતાં ઇન્ક્રીમેન્ટલ ચાર્જિસ (આઇ.સી) ના નાણાં ભરવાની શરતે બિનખેતી પરવાનગી આપવામાં આવે છે.

(૩૦) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં ઠરાવનાં ક્રમાંક:બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૦૮ નાં ઠરાવથી પરિશિષ્ટ-૪ થી નિયત કરેલ નીચે જણાવેલ શરતોનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) ડીસ્ટ્રીકટ ઇન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેનો ઉપર મુળ ટીપ્પણી ની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજુ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજુર કરાવેલ હોવો જોઇશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલાં બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠી મેળવી શકશે નહિ.

(૩) શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજુર થઇ ગયેલ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીગનાં નિયમોનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજુર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થય ની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઇ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી રહેશે.

(૬) **ઔધોગિક હેતુ માટે મંજુરી માંગેલ હોયતો બાંધકામ કરતા પહેલા જીલ્લા ઉધોગ અધિકારીની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.**

(૭) ફલોર મીલ, સિનેમા/ટુરીંગ સિનેમા/થીયેટર માટે બીનખેતી પરવાનગીના કામે જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૮) પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી, એલ.પી.જી. પંપ નાખવા માટે બિનખેતી પરવાનગી કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ઇન્ડીયન એક્ષપ્લોઝીવ અન્વયે મેગેનીઝ, ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતી ની કાર્યવાહી કરતાં પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનુ રહેશે.

(૧૧) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વે હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડનાં તાર/હાઇટેન્શન પાવર અગર થાંભલાં આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનં રહેશે.

(૧૩) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીનનો એરોડ્રામ આસપાસનાં ૨૦ કિ.મી. ની ત્રિજ્યામાં આવતી હોય ત્યારે બાંધકામ ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ "ના વાંધા પ્રમાણપત્ર" સીવીલ એવીનેશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાનાં નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) ભારતીય વાયુસેનાના હવાઇ મથક તથા ઇન્સ્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેરનામાથી વખતોવખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજ્યા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૫) ઓ.એન.જી.સી. ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૬) નર્મદા કેનાલ/અન્ય સિચાંઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સુચિત બાંધકામ માટે જાળવવાનાં થતા અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૭) અરજદારે જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારક થી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૮) અરજદારે જયાં જરૂરી હોય ત્યા ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાનાં અંતર બાબતની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૯) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે અભયારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઇપણ વિસ્તારની હદથી જાળવવાનાં થતા અંતર બાબતની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૩૧) **અરજદારે ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ બદલ સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.**

શિક્ષાત્મક કલમો:-

(૩૧-અ) અરજદાર ઉપરોકત કોઇ પણ શરતનો ભંગ કરે તો કલેકટર સદરહુ કાયદાના ઠરાવો અન્વયે અરજદાર બીજી કોઇ પણ શિક્ષાને પાત્ર હોય તો તેને બાધ આવ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો અરજદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૩૧-બ) ઉપરોક્ત પેટા કલમમાં ગમે તે મજકુર હોય તે છતાં કલેકટરશ્રી સદરહુ હુકમ વિરુધ્ધ બાંધેલ અથવા વધારાના કોઇ પણ બાંધકામને કલેકટરશ્રીએ આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમ્યાન ખસેડવાનું અથવા તેમા ફેરફાર કરવાનું ફરમાવે તો તે કાયદેસર ગણાશે અને ઠરાવેલી મુદત દરમ્યાન તેવી રીતે ખસેડવામાં ન આવે તો તેમ કરાવવાને અને તેમ કરવામાં જે ખર્ચ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

રવાનાં કર્યું

યીટનીશ ટુ ધી કલેકટર સુરત.

સહી/-
(મહેન્દ્ર પટેલ)
કલેકટર સુરત

રજી.પો.એ.ડી. ધ્વારા

પ્રતિ શ્રી,

(૧) કમલેશભાઇ બાબુભાઇ ભેંસાણીયા — રહે.સી-૯૦૨, સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા, સુરત

(૨) અશોકભાઇ નરશીભાઇ પટેલ/ભંગડીયા — રહે.ડી-૧૦૦૨, સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા, સુરત

(૩) રમેશભાઇ ગોરધનભાઇ કથીરીયા — રહે.ઈ-૩૦૧, સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા, સુરત

(૪) મુકેશભાઇ અરજણભાઇ મોરડીયા — રહે.૮૧ ચિત્રકૂટ સોસાયટી, હીરાબાગ, વરાછા રોડ, સુરત

(૫) નવીનચંદ્ર ઉર્ફે નવીનભાઇ ગોરધનભાઇ ટોપીયા રહે.૩, કતારેશ્વર સોસાયટી, કતારગામ, સુરત

૨/- સુરત મહાનગરપાલિકા, ધ્વારા મંજુર કરેલ વિકાસ પરવાનગી તથા તે લગત મંજુર કરેલ બાંધકામ પ્લાન અસલ પ્રત સહીવાળી દિન-૧૫ માં રજુ કરવા સારૂ.

નકલ કામના કાગળો સહ રવાના: મામલતદારશ્રી સુરત શહેર અડાજણ, તા.સુરત સીટી, જી.સુરત તરફ

૨/- આ હુકમની ગામ દફતરે ફેરફાર નોધ પડાવી, ગા.ન.નં.૨ તથા ૪ માં નોધ કરી વિશેષ ધારો વસુલ કરવા તેમજ સનદ "એમ" નમુનામાં તૈયાર કરી બે માસમાં બીનચુક રજુ કરવા સારૂ.

૩/- આ હુકમની શરત નં.૧૨ મુજબ ગામ દફતરે અમલ કરવા ઇ-ધરા નાયબ મામ.શ્રીને સુચના આપવા સારૂ.

૪/- પ્રશ્નવાળી જમીન બાબતે સુરત મહાનગર પાલિકાના રજુ કરેલ ફોર્મ "એ" મુજબ કપાત થતી ૮૨૪૦-૦૦ ચો.મી. જમીન અંગે ગા.ન.નં.૭/૧૨ માં બીજા હક્કમાં ૮૨૪૦-૦૦ ચો.મી. જમીન ...(સુરત મહાનગર પાલિકા હસ્તક) મુજબ ઉલ્લેખ કરવાનો રહેશે.

નકલ રવાના: નાયબ મામલતદારશ્રી (ઇ-ધરા), મામલતદાર કચેરી સુરત શહેર અડાજણતરફ

૨/- આ હુકમની ગામ દફતરે ફેરફાર નોધ પાડી અમલ કરવા અને ફેરફાર નોધની નકલ અત્રે મામલતદારશ્રી મારફત રીપોર્ટ કરવા સારૂ.

નકલ રવાના: સીટી તલાટીશ્રી, વરીયાવ તા.સુરત સીટી (અડાજણ), જી.સુરત તરફ

૨/- આ હુકમની ગામ ન.નં.૨ તથા ૪ માં જરૂરી નોધ કરી ગા.ન.ન.ક માં નોધ પાડી વિશેષધારો વસુલ કરવા તથા બાંધકામ નિયત સમયમાં શરૂ થયેલ છે કે કેમ? તેની ખાત્રી કરી અત્રે જાણ કરવા સારૂ.

નકલ રવાના: જીલ્લા ઇન્સ્પેકટરશ્રી, લેન્ડ રેકર્ડ, સુરત તરફ

૨/- જમીનધારકોએ ચલણ નં.૨૩૨૦/૧૬-૧૭ તા.૧૩/૦૭/૨૦૧૬ થી . માપણી ફી રૂ.૬,૦૦૦/- સરકારશ્રીમાં જમા કરાવેલ હોય સુરત મહાનગરપાલિકાએ આપેલ રજાચિઠ્ઠી તથા તે લગત મંજુર કરેલ પ્લાનની સર્ટીફાઇડ નકલ મેળવી માપણી કરી મામલતદારશ્રી ને જાણ કરવા સારૂ.

નકલ સવિનય રવાના: કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા સુરત તરફ

૨/- જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે સવાલવાળી જમીનની વિકાસ પરવાનગી તથા તે લગત મંજુર પ્લાનની એક નકલ અત્રે મોકલવા સારૂ.

નકલ રવાના: નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત, સુરતતરફ

નકલ રવાના: મામલતદારશ્રી એન.એ.શાખા સુરત, તરફ

નકલ રવાના:- સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી વિભાગ-૨,સુરત તરફ

૨/- બીનખેતીની પરવાનગી આપેલ આ જમીનને જ્યારે પણ ~~સીટીસર્વે લાગુ પડે ત્યારે આ~~ હુકમનો અમલ સીટી સર્વે દફતરે કરવા સારૂ.

અરજી થયાની તારીખ............
તૈયાર થયાની તારીખ............
નકલ આપ્યાની તારીખ............
મુકાબલા કરનાર............
ફ્રેન્કો............
નકલ ફી............
મુકાબલા ફી............
સ્ટેમ્પ ફી............
....

મોજે.વરીયાવ, તા.સુરત સીટી(અડાજણ) જી.સુરતનાં સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/ક ક્ષે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ ચો.મી. પૈકી ૧૧૪૬૫-૦૦ ચો.મી. રહેણાંક હેતુ માટે તથા ૨૪૧૨-૦૦ ચો.મી. વાણિજ્યનાં હેતુ માટે અત્રેના હુકમ નં.એ/બખપ/એસ.આર.નં.૩૭૨/૧૬/ID NO.27193/વશી.૯૦૧૧ થી ૯૦૩૦/૧૬ તા.૨૫/૦૭/૨૦૧૬

નકલ રવાના:- રેકર્ડ શાખા, કલેકટર કચેરી, સુરત તરફ

૨/- રેકર્ડ શાખામાં હુકમનું રેકર્ડ રાખવા સારૂ.

પ ત્ર ક

બીનખેતી પરવાનગી આપેલ જમીનમાં સ.નં. તથા કબ્જેદારનું નામ	બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)	નિયત દર મુજબ લેવાનાં બીનખેતી આકારનો દર તથા કેવા પ્રકારના બીનખેતીનો ઉપયોગ તેની વિગત	વસુલ કરવાની બીનખેતી આકારની કુલ રકમ (રૂ.પૈસા)
(૧)	(૨)	(૩)	(૪)
(૧) કમલેશભાઇ બાબુભાઇ ભેંસાણીયા (૨) અશોકભાઇ નરશીભાંઇ પટેલ/ભંગડીયા (૩) રમેશભાઇ ગોરધનભાઇ કથીરીયા (૪) મુકેશભાઇ અરજણભાઇ મોરડીયા (૫) નવીનચંદ્ર ઉર્ફે નવીનભાઇ ગોરધનભાઇ ટોપીયા મોજે.વરીયાવ, તા.સુરત સીટી(અડાજણ), જી.સુરત સ.નં.૧૨૨૨/૧, ૧૨૨૨/૨, બ્લોક નં.૧૧૬૮/ક ક્ષેત્રફળ હે.૨-૨૧-૧૭ ચો.મી. ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ) ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ પૈકી ૧૧૪૬૫-૦૦ ચો.મી. જમીનમાં રહેણાંકનાં હેતુ માટે તથા ૨૪૧૨-૦૦ ચો.મી. જમીનમાં વાણિજ્યનાં હેતુ માટે	ફા.પ્લોટ નં.૫૮+૫૯ ની ૧૩૮૭૭-૦૦ પૈકી ૧૧૪૬૫-૦૦ ચો.મી. જમીનમાં રહેણાંકનાં હેતુ માટે તથા ૨૪૧૨-૦૦ ચો.મી. જમીનમાં વાણિજ્યનાં હેતુ માટે	રહેણાંકનાં હેતુ માટે પ્રતિ ચો.મી. ના રૂા.૦.૨૫ પૈસા લેખે ૧૧૪૬૫-૦૦ ચો.મી જમીનમા ના રૂા.૨૮૬૭/- તથા વાણિજ્યનાં હેતુ માટે પ્રતિ ચો.મી. ના રૂા.૦.૬૦ પૈસા લેખે ૨૪૧૨-૦૦ ચો.મી જમીન ના રૂા.૧,૪૪૮/- મળી કુલ રૂ.૪૩૧૫/-	રૂા.૪,૩૧૫/- (અંકે રૂપિયા ચાર હજાર ત્રણસો પંદર પૂરા)
રૂપાંતર વેરો લેવાનો થતો હોય તો તેની રકમ	શિક્ષણ વેરો લેવાનો થતો હોયતો તેની રકમ	અન્ય કોઇ વેરો વસુલ કરવાનો થતો હોયતો તેની રકમ	કોલમ નં.૪,૬,૭ ના વેરા કઇ તારીખથી લેવાના થાય છે.
(૫)	(૬)	(૭)	(૮)
રહેણાંકનાં હેતુ માટે પ્રતિ ચો.મી.નાં રૂા.૧૦/- લેખે ૧૧૪૬૫-૦૦ ચો.મી. નાં રૂા.૧,૧૪,૬૫૦/- તથા વાણિજ્યનાં હેતુ માટે પ્રતિ ચો.મી.નાં રૂા.૩૦/- લેખે ૨૪૧૨-૦૦ ચો.મી. નાં રૂા.૭૨,૩૬૦/- મળી કુલ રૂા.૧,૮૭,૦૧૦/- ચલણ નં.૧૦૫/૧૬-૧૭ તા.૧૩/૦૭/૨૦૧૬ થી જમા	નિયમ મુજબ	લોકલ ફંડ શેષ નિયમ મુજબ	સને.૨૦૧૫-૧૬

ક્રમાંક:એ/બખપ/એસ.આર.નં.૩૭૨/૧૬
/ID NO.27193/વશી.૯૦૧૧ થી ૯૦૩૦/૧૬
ચીટનીશ શાખા, કલેકટર કચેરી,
બી-૫, જિલ્લા સેવાસદન-૨, અઠવા લાઇન્સ,
સુરત. તા.૨૫/૦૭/૨૦૧૬

રવાનાં કર્યુ
ચીટનીશ ટુ ધી કલેકટર સુરત.

સહી/-
(મહેન્દ્ર પટેલ)
કલેકટર સુરત

[illegible]

અરજી આપ્યાની તારીખ ...

નકલ તૈયાર થયાની તારીખ 21/10/1[illegible]

નકલ આપ્યાની તારીખ 21/12/1[illegible]

નકલ કરનાર ...

મુકાબલા કરનાર ...

પાનાં [illegible] ...

નકલ ફી ...

મુકાબલા ફી ...

પેપર ફી ...

કુલ ... 4=00

[illegible]

COLLECTOR
કલેક્ટર
જિલ્લા સુરત
DISTRICT SURAT